ક્રિમીનલ કેસ નં.૨૭૧૮૬/૨૦૨૨

આંક–   ૧લગત હુકમ :

---

૧)  હાલના કામે પોલીસ દવારા આરોપી સામે ભારતીય દંડ સંહિતાની કલમ–૧૮૮ મુજબ તે એવી રીતે કે આ કામના આરોપીએ પોતાના કબજાનું મકાન આર્થીક ફાયદો મેળવવા માટે ભાડે આપેલ હોય જે બાબતે પોલીસ સ્ટેશન ખાતે નોંધ નહી કરાવી જાહેરનામા ભંગના ગુનાના કામે પ્રથમ બાતમી અહેવાલ નોંધી તપાસના અંતે આખરી અહેવાલ (ચાર્જશીટ) રજુ કરેલ છે. હાલના કામે જાહેરનામું બહાર પાડનાર અધીકારીની કોઈ લેખીત ફરીયાદ રજુ નથી.

૨)  ઉકત હકીકતે ફોજદારી કાર્યવાહી સંહિતાની કલમ–૧૯૦ તથા ૧૯૫ વંચાણે લેતા , ભારતીય દંડ સંહિતાની કલમ–૧૭૨ થી ૧૮૮ મુજબના ગુનાનું સંજ્ઞાન કોઈપણ કોર્ટ સંબંધીત અધીકારીની લેખીત ફરીયાદ વિના લઈ શકે નહિ. વધુમાં લેખીત ફરીયાદ અંગે ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ–૨ (ડી ) માં વ્યાખ્યા કરવામાં આવેલ છે જે મુજબ પોલીસ રીપોર્ટનો સમાવેશ મેજીસ્ટ્રેટ સમક્ષ કરવામાં આવતી ફરીયાદમાં થતો નથી.

૩)  વધુમાં નામ. ગુજરાત હાઈકોર્ટે Criminal Misc. Application No. 24632 of 2015 ના કામે Govardhankumar Thakordas Asrani V/state of Gujarat Decided on 13.04.2017 ના કામે ઠરાવેલ છે કે , જાહેર સેવકની ફરીયાદ સિવાય પોલીસ રીપોર્ટ પરથી ભારતીય દંડ સંહિતાની કલમ–૧૮૮ મુજબના ગુનાનું સંજ્ઞાન કોર્ટ લઈ શકે નહિ તેમજ જયારે એક જ વ્યવહારમાંથી જો અન્ય કોઈ ગુનો પણ બનતો હોય ત્યારે પણ ૧૯૫ની જોગવાઈઓને બાયપાસ કરી અન્ય ગુના પુરતી કેસની કાર્યવાહી આગળ ચલાવી શકાય નહિ.

"However, if the perusal of the first information report and other papers of the charge-sheet makes it clear that the offence under sections 186 or 188 of the IPC, as the case may be, is closely interconnected with the other distinct offences and cannot be split up, then, in such circumstances, the bar of section 195 of the Cr.P.C. will apply to such other distinct offences also.”

૪)  આમ, ઉકત હકીકતે આરોપી વિરુધ્ધ મુખ્ય આક્ષેપ જાહેરનામા ભંગનો હોય અને અન્ય કોઈ આક્ષેપ જણાઈ આવતા ના હોઈ , ફોજદારી કાર્યવાહી સંહિતાની કલમ–૧૯૫ની જોગવાઈઓ બાયપાસ કરી કાર્યવાહી આગળ ચલાવી શકાય તેમ ના હોય , નિચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**હુકમ**

હાલના આખરી અહેવાલ(ચાર્જશીટ)ના આધારે ઉત્પન્ન થયેલ ઈન્સાફી કાર્યવાહી ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ–૧૯૫ની જોગવાઈઓથી બાધીત હોય ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ–૧૯૦ મુજબ ગુનાનું સંજ્ઞાન લઈ શકાય તેમ ના હોઈ આગળની કાર્યવાહી પડતી મુકી આરોપીને છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજ રોજ તારીખ ૧૨ મી, નવેમ્બર, સને:૨૦૨૨ નાં રોજ સ્પે.સીટીંગમાં ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળઃ રાજકોટ
તારીખ:૧૨/૧૧ /૨૦૨૨

( કુ. વિનતી)
જ્થા એડી. જયુડી.મેજી.ફ.ક., રાજકોટ
યુઆઈડી:જીજે૦૧૫૫૦